ચેમ્બરની બેઠકમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું

સુરતથી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટના મુદ્દે સંવાદથી ઉકેલ લવાશેઃ માંડવીયા

સુરતનો મોટો પ્રશ્ન એર કનેક્ટિવિટીનો લાગે છે, અમે એવિએશન મિનિસ્ટ્રી સાથે તમારી મીટિંગ ગોઠવી આપીશું

સુરતથી વેરાવળ, સોમનાથ, દ્વારકા માટે હાઇ સ્પીડ ફેરી સર્વિસનો પ્રસ્તાવ છેઃ માંડવીયા

ચેમ્બરના ગ્રુપ ચેરમેન મનીષ કાપડીયા એ જૂઆત કરી હતી કે, સુરતમાં મલ્ટિગેમ સ્ટેડિયમના નિર્માણ તેમજ સુરતથી ઘોઘાની જેમ પીપાવાવ સુધી રો-રો ફેરી સેવા શરૂ કરવામાં આવે. એના ઉત્તરમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા એ જણાવ્યું હતું કે, સુરતથી વેરાવળ, સોમનાથ, દ્વારકા માટે હાઇ સ્પીડ ફેરી સર્વિસ શરૂ કરવાનો પ્રસ્તાવ કેન્દ્રીય શિપિંગ મિનિસ્ટ્રી હસ્તક છે. આ રૂટ પર ફેરી સર્વિસ શરૂ કરવા એજન્સીએ ઇન્ટ્રેસ્ટ ઓફ લેટર પણ આપ્યો છે. આ સર્વિસ માટે સંભાવનાઓ ચકાસવામાં આવી રહી છે.

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ છે પણ ભારતીય એરલાઈન્સ કંપની નવા ઈન્ટરનેશનલ એર ઓપરેશન શરૂ કરવા તૈયાર નથી .બીજી બાજુ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનો સમાવેશ બાયલેટરલ એગ્રીમેન્ટ અને પોઈન્ટ ઓફ કોલમાં ન હોવાથી ઈન્ટરનેશનલ એરલાઈન્સ અહીં આવી શકે એમ નથી. ભારત સરકારે રિવ્યૂ બેઠક યોજી ઝડપથી નિર્ણય લેવો જોઈએ તેવી ચેમ્બરની એવિએશન કમિટીના ચેરમેન લિનેશ શાહે કરેલી રજૂઆતને પગલે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું હતું કે, સુરતનો મોટો પ્રશ્ન કેન્દ્રના એવિયેશન મંત્રાલયને લગતો લાગે છે. ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ અમારા મંત્રાલયનો સંપર્ક કરે, અમે એવિએશન મિનિસ્ટ્રી સાથે તમારી મિટીંગ ગોઠવી આપીશું અને પ્રશ્નના ઉકેલ માટે સંવાદથી રસ્તો કાઢીશું. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે ભારત સરકારના શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખભાઇ માંડવીયા સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સુરતના ટેકસટાઈલ ઉદ્યોગકાર પ્રમોદ ચૌધરીએ સુરતથી એરકનેક્ટિવિટી વધે એ માટે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય પર દબાણ લાવવા રજૂઆત કરી હતી. તેમણે સુરતથી સિંગાપોર, હોંગકોંગ, ચાઇના તથા યુરોપ માટે સીધી ફ્લાઇટ્સ શરૂ કરવાની માંગ કરી હતી.

મહિલા વેપારીને ભાગીદારે ૧.૩૩ કરોડનો ચૂનો ચોપડ્યો

કતારગામમાં ભાગીદારીના ધંધામાં 'સહકાર ટ્રેડર્સ'માં રોકાણ કરાવી દીપ વોરાએ રકમ હજમ કરી લીધી

સુરત : કતારગામમાં 'સહકાર ટ્રેડર્સ' નામે શરૂ કરેલા વેપારમાં મહિલા ભાગીદાર પાસેથી મૂડીરોકાણ કરાવી, વિશ્વાસ કેળવીને ભાગીદારે રૂપિયા ૧.૩૩ કરોડથી વધુની રકમ ઓહિયાં કરી લીધી હોવાની સનસનીખેજ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

કતારગામ ધનમોરા ચાર રસ્તા પાસે નારાયણનગરમાં રહેતા આરતીબેન ગૌરવભાઈ રૈયાણી વેપાર સાથે સંકળાયેલા છે. વર્ષ ૨૦૨૩માં તેમની મુલાકાત દીપ ધીરજલાલ વોરા (રહે. પરદેશી પાર્ક, કતારગામ) સાથે થઈ હતી. બંનેએ સાથે મળીને ૫૦-૫૦ ટકાની ભાગીદારીમાં 'સહકાર ટ્રેડર્સ' નામની પેઢી શરૂ કરી હતી. જોકે, આ ધંધામાં મુખ્ય શરત મુજબ તમામ મૂડીરોકાણ આરતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે દીપ વોરાએ ધંધાનું સંચાલન સંભાળવાનું હતું. ધંધાના વિકાસ અને માલ-સામાનની ખરીદીના બહાને દીપ વોરાએ સમયાંતરે આરતીબેન પાસે નાણાંની માંગણી કરી હતી. વિશ્વાસમાં આવીને આરતીબેને ગૂગલ પે, આરટીજીએસ અને રોકડ સ્વરૂપે કુલ રૂપિયા ૧,૭૫,૬૦,૮૫૬ જેવી માતબર રકમ દીપને આપી હતી. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે દીપ વોરાએ રૂપિયા ૪૨,૨૬,૩૬૩ પરત ચૂકવ્યા હતા. પરંતુ બાકી નીકળતી રૂપિયા ૧,૩૩,૩૪,૦૮૯ની રકમ બાબતે તેણે ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. લાંબો સમય વીતવા છતાં જ્યારે ધંધાનો હિસાબ કે રકમ પરત ન મળી ત્યારે આરતીબેને કડક ઉઘરાણી કરી હતી. આરોપી દીપ વોરાએ નાણાં પરત આપવાને બદલે ગોળ-ગોળ જવાબો આપી વાયદાઓ કર્યા હતા. અંતે આરતીબેનને ખ્યાલ આવી ગયો હતો કે તેમની સાથે મસમોટી છેતરપિંડી થઈ છે અને તેમના ભાગીદારે જ વિશ્વાસઘાત કરીને નાણાં હજમ કરી લીધા છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલનો વરાછા-કતારગામમાં રોડ-શો, સભા

સુરતના વિકાસ માટે રોડમેપ તૈયાર છે, ભંડોળ ક્યારેય નહીં ખૂટેઃ CM

એકાદને વાંધો હોય તો રીલ બનાવીને વાયરલ કરે છે, પણ તે યોગ્ય નથી

કોંગ્રેસમાં કોઈ જ કામો થતાં નહોતા, ભાજપે વિકાસને નવી દિશા આપી છે

રોડ-શોને કારણે ટ્રાફિક જામથી લોકો અકળાયા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં ચૂંટણી પ્રચાર માટે વરાછા અને કતારગામમાં રોડ શો પણ કર્યો હતો. જેમાં પોલીસ દ્વારા ઠેર ઠેર બેરીકેડિંગ મૂકાતા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. પરિણામે અનેક વિસ્તારોમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો અને લોકોને લાંબા સમય સુધી રસ્તા પર ઊભા રહેવું પડ્યું હતું. ખાસ કરીને નાના વરાછાના ઢાળ વિસ્તારમાં, જ્યાંથી રેલીની શરૂઆત થઈ હતી, ત્યાં રેલી પસાર થયા બાદ પણ ટ્રાફિક સામાન્ય થવામાં મોડું લાગ્યું હતું. ઉપરાંત કતારગામના ઘનમોરા નજીક માધવબાગ સોસાયટી વિસ્તારમાં પણ ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. ઘણા સ્થળોએ લોકોની ધીરજ ખૂટી જતા પોલીસ વિરુદ્ધ હુરિયો બોલાવવાના બનાવો સામે આવ્યા હતા.

મહિલા ટ્રાફિકમાં અટવાતા રોષે ભરાઈઃ મુખ્યમંત્રી છે તો શું ઉખાડી લીધું?

સુરતમાં મુખ્યમંત્રીની રેલી દરમિયાન સર્જાયેલા ટ્રાફિક જામમાં એક મહિલાનો પિત્તો ગયો હતો અને તેણે પોલીસનો ભારે ઉધડો લીધો હતો. હાલમાં મુંબઈની એક મહિલાનો વિડિયો જે રીતે વાયરલ થયો છે, બરાબર તે જ અંદાજમાં સુરતની આ મહિલાએ રોષે ભરાઈને પોલીસને ખખડાવતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી છે તો શું ઉખાડી લીધું? જનતાને કેમ હેરાન કરો છો? ભરચક ટ્રાફિકમાં અટવાયેલી આ મહિલાએ પોલીસ સાથે ઉગ્ર દલીલો કરી સવાલ ઉઠાવ્યો હતો કે વીઆઈપી મૂવમેન્ટના નામે સામાન્ય નાગરિકોનો સમય કેમ બરબાદ કરવામાં આવે છે?

સુરતઃ સુરત રહેવા માટે નં.1 શહેર છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. સુરત ઈકોનોમિક ઝોન સહિત છ ઝોનમાં વિકાસની યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. સુરતના વિકાસ માટે ભંડોળની કોઈ અછત નહીં રહે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સુરતમાં ચૂંટણી સભામાં જણાવ્યું હતું. કતારગામમાં જ્યાં ગઈકાલે આપના નેતાઓ દ્વારા સભા કરવામાં આવી હતી ત્યાં જ સભા કરીને પડકાર ફેંકતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, કોઈ એક વ્યક્તિને વાંધો હોય તો તે રીલ બનાવીને ફેલાવવામાં આવે છે પરંતુ આ યોગ્ય નથી. ટીકા કરનારાઓનો વિશ્વાસ જીતવા માટે તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ. મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે તેમના શાસનમાં વિકાસના કામો ધીમા ગતિએ થતા હતા, જ્યારે ભાજપ સરકારે વિકાસની નવી દિશા આપી છે. 24 કલાક વીજળી, નર્મદાના પાણીની વ્યવસ્થા, માર્ગ-સુવિધાઓ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપતા ગુજરાત દેશના વિકાસનું "ગ્રોથ એન્જિન" બન્યું છે. વાયબ્રન્ટ સમિટ જેવી પહેલોથી દેશમાં અને વિદેશથી રોકાણ આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રેલી અને સભા પહેલા સુરતમાં અઠવાલાઈન્સમાં ઓફિસર્સ જીમખાના ખાતે સાધુ-સંતો અને અગ્રણી શ્રેષ્ઠીઓ સાથે સંવાદ કર્યો હતો.

ટ્રેલરમાંથી સળિયા ચોરતી ગેંગના 4 સાગરીતો ઝડપાયા

ડિંડોલીમાંથી પકડાયેલા કૌભાંડમાં માસ્ટર માઈન્ડ રાજન તિવારી સહિત બે વોન્ટેડ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં લોખંડના સળિયાની ચોરી કરી બારોબાર વેચી મારતી ટોળકીનો એસઓજી પોલીસે પર્દાફાશ કરી ૫૯ ટનથી વધુ ચોરીના સળિયા સાથે ચાર શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ સમગ્ર નેટવર્કનો માસ્ટર માઈન્ડ રાજન તિવારી અને જીતુ હોવાનું બહાર આવ્યું છે. એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમએ જણાવ્યું હતું કે, ડિંડોલી ભાગ્યલક્ષ્મી સોસાયટી પાસે પોલીસે વોચ ગોઠવી ટ્રેલર અને કાર સાથે ટ્રક ચાલક ભેરારામ રેખારામ જાખડ, ટ્રક ક્લીનર નીંબારામ બાબુલાલ જાખડ, પ્રદિપ સદાબ્રિજ ત્રિપાઠી અને પ્રદિપ કિશનલાલ શર્માને દબોચી લીધા હતા. તપાસમાં ખૂલ્યું હતું કે, આ સળિયા બરોડાથી સુરતની 'એપ્પી હોમ્સ' પેઢી માટે મંગાવવામાં આવ્યા હતા. પોલીસે બેને વોન્ટેડ જાહેર કરીને આ કૌભાંડમાં વધુ સાગરીતો સામેલ છે કે કેમ? તે મુદ્દે તપાસ શરૂ કરી છે.

નો એન્ટ્રીનો લાભ લઈ ખેલાતો 'ખેલ'

આરોપીઓ જ્યારે બરોડાથી માલ ભરી સુરત તરફ આવતા, ત્યારે શહેરમાં ભારે વાહનો માટે અમલી 'નો એન્ટ્રી'ના સમયને હથિયાર બનાવતા હતા. શહેરની સરહદ પર ટ્રેલર પાર્ક કરી, તેઓ સૌથી પહેલા વેબ્રિજ પર સળિયાનું સત્તાવાર વજન કરાવી લેતા હતા. વજનની આ અસલ કોપી બિલ્ડર કે વેપારીને વોટ્સએપ કરી દેવાતી, ત્યારબાદ, 'નો એન્ટ્રી'ના કલાકો દરમિયાન જ્યારે હાઇવે કે નિર્જન રસ્તાઓ પર ટ્રેલર ઉભું હોય, ત્યારે એકાંતનો લાભ લઈ સળિયાની ચોરી કરવામાં આવતી હતી.

અશાંતધારાના મુદ્દે વોર્ડ નં.13માં ભાજપના ઉમેદવારોનો ઉગ્ર વિરોધ

રૂદરપુરામાં સ્થાનિકો અને વ્યંઢળોના વિરોધ વચ્ચે ચારે ઉમેદવારોએ સભા સમેટી લેવી પડી

સુરતઃ સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં અશાંતધારાના અમલ મામલે ઠેર ઠેર ભાજપના ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે. આજે રાતે વાડી ફળિયા - નવાપુરા - બેગમપુરા -સલાબતપુરા વોર્ડ નંબર 13 ના ભાજપ ઉમેદવારોની મિટિંગ રૂદરપુરા લક્ષ્મીનારાયણ મંદિર પાસે રાખવામાં આવી હતી. ત્યારે સ્થાનિકો અને આસપાસના વિસ્તારોના લોકોએ ભાજપના ઉમેદવારો સંદીપ ચલકવાલા, સંજય દલાલ ,મનીષા મહાત્મા, મોહિની કંથારીયાનો વિરોધ કરવા સાથે હંગામો મચાવતા સભા વહેલી સમેટી લેવાની ફરજ પડી હતી.

આ સભાનું આયોજન માજી વોર્ડ પ્રમુખ અને વોર્ડ નંબર 13 ના ચૂંટણી સંયોજક જીગ્નેશ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્થાનિકો અને વ્યંઢળોના વિરોધ વચ્ચે ચારે ઉમેદવારોએ પોતાના સમર્થકો સાથે સભા સ્થળ છોડી જતા રહેવું પડ્યું હતું.

લોકોએ આ ગતિવિધિ સોશિયલ મીડિયામાં વાઈરલ કરી હતી. એવી જ રીતે ગઈકાલે બુધવારે અંબાજી રોડ નાની છીપવાડ ચાર રસ્તા શિવાનંદ ક્લાસ પાસેની મીટિંગમાં પણ સ્થાનિક લોકોએ અશાંતધારા મામલે ઉમેદવારોને ઘેરી સવાલો કર્યા હતા અને આ સભાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. ભાજપના આગેવાનોએ ત્યારે આયોજકોએ મિટિંગ પછી રજૂઆત સાંભળવા ખાતરી આપી હતી.

સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

વોર્ડ નં. 27 ડિંડોલી (દક્ષિણ)

પરપ્રાંતિય-હિન્દી મતદારો છતાં આ વોર્ડમાં ભાજપની સારી પકડ

સુરતના દક્ષિણ-પૂર્વ ઝોનમાં આવતો આ વોર્ડ મુખ્યત્વે ડિંડોલી, ભેસ્તાન અને નવા વિકસિત રહેણાંક વિસ્તારોને આવરી લે છે. આ વોર્ડમાં મોટાભાગે પરપ્રાંતીય (હિન્દી ભાષી) અને શ્રમિક વર્ગના મતદારોનું વર્ચસ્વ જોવા મળે છે. વસ્તીની દૃષ્ટિએ અહીં ડિંડોલીના જૂના ગામતળ અને આસપાસની સેંકડો નવી સોસાયટીઓનું મિશ્રણ છે. રાજકીય રીતે આ વિસ્તાર ભાજપનો મજબૂત ગઢ માનવામાં આવે છે, પરંતુ સતત વધતી જતી જનસંખ્યા અને માળખાગત સુવિધાઓના પ્રશ્નોને કારણે અહીં વિપક્ષો પણ સક્રિય રહે છે. વર્ષ 2021ની ચૂંટણીમાં અહીં ભાજપની પેનલનો ભવ્ય વિજય થયો હતો. અગાઉ અહી 1,00,126 મતદારો અને 92 બુથ હતા જો કે એસઆરઆઈ બાદ હવે નવી મતદારયાદીમાં 20 હજાર જેટલા મતો કમી થયા છે. અને હવે 79,595 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 89 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના નિરાલા રાજપુત, શશી ત્રિપાઠી, સુધાકર ચૌધરી અને ભાઈદાસ પાટીલ જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી કોંગ્રેસ રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 76,386 મતો મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને 24,787 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 51,599 મતોનું અંતર હતું

જાતિગત સમીકરણ

પરપ્રાંતીય અને હિન્દી ભાષી મતદારોઃ આ વોર્ડમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્રના પરપ્રાંતીય મતદારોનું મોટું પ્રભુત્વ છે. ઉત્તર ભારતીય (યુપી-બિહાર) અને મરાઠી મતો અહીં હાર-જીતમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. મધ્યમ અને શ્રમિક વર્ગઃ ડિંડોલી વિસ્તારમાં મોટાભાગે ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા રત્નકલાકારો અને શ્રમિક પરિવારો વસવાટ કરે છે. ઓબીસી અને અનુસૂચિત જાતિઃઅહીં ઓબીસી અને એસ.સી. મતોનું પ્રમાણ પણ નોંધપાત્ર છે, જે પરંપરાગત રીતે પક્ષોની વોટબેંકને અસર કરે છે.

રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 43,173
સ્ત્રી મતદારોઃ 36,421
કુલ મતદારોઃ 79,595

ખાડી પૂર અને જળબંબાકારઃ ડિંડોલી વિસ્તારની સૌથી મોટી અને કાયમી સમસ્યા ખાડી પૂર છે. દર વર્ષે ચોમાસામાં ખાડી ઉભરાતા હજારો લોકોના ઘરમાં પાણી ભરાઈ જાય છે, જે શાસકો માટે દર ચૂંટણીમાં મોટો પડકાર બને છે. ટ્રાફિક અને રેલવે ફાટકઃ ડિંડોલી રેલવે ફાટક પર ઓવરબ્રિજની કામગીરી અને સાંકડા રસ્તાઓને કારણે ટ્રાફિકની સમસ્યાથી રહીશો ગ્રસ્ત રહે છે.

આરોગ્ય અને પાયાની સુવિધાઓઃ વધતી જતી વસ્તીની સામે સરકારી હોસ્પિટલ અને પ્રાથમિક સુવિધાઓનું વિસ્તરણ હજુ પણ પૂરતું નથી. ગંદા પાણી અને ડ્રેનેજ લાઇનો ઉભરાવાની ફરિયાદો અહીં અવારનવાર ઉઠતી રહે છે.

ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ ડિંડોલી ગામ, મધુરમ સોસાયટી, નવાગામ, ભેસ્તાનનો કેટલોક ભાગ અને ઉધના-મગદલ્લા રોડની એક તરફના વિસ્તારોને સ્પર્શે છે. ભૌગોલિક રીતે આ વોર્ડની સીમાઓ એક તરફ લિબાયત અને બીજી તરફ પાંડેસરા-ભેસ્તાન સુધી વિસ્તરેલી છે.



સુરત મનપાની ચૂંટણીમાં સોશિયલ મીડિયા પર નેતાઓનું ભારે 'ટ્રોલિંગ'

'નેતાતરીકેરાજીનામુંઆપનાર જાડી ચામડીના ડોક્ટર હશે'

એક ઉમેદવારની શૈક્ષણિક લાયકાત પર કોમેન્ટ કરાઈ, ધો.10માં 7માંથી છમાં નાપાસ, પીટીમાં આચાર્યના ગુણથી પાસ

એક ઉમેદવારે સહાય માંગી તો લખાયું, ગળામાં જે ચેઈન પહેરી છે તે વેચી દો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના ગરમાવા વચ્ચે હવે નેતાઓ માટે માત્ર શેરી-મહોલ્લા જ નહીં, પરંતુ સોશિયલ મીડિયા પણ રણમેદાન બની ગયું છે. લોકો હવે નેતાઓના ભાષણો પર તાળીઓ પાડવાને બદલે તેમની પોસ્ટ પર કટાક્ષ અને વ્યંગના તીખા બાણ છોડી રહ્યા છે.

ખાસ કરીને એક ડૉક્ટર નેતાના રાજીનામા પર લોકોએ એવી મજાક ઉડાવી કે, તેઓ ચામડીના ડૉક્ટર હશે એટલે લોકોની જાડી ચામડી ઓળખી ગયા. તે જ રીતે, એક ઉમેદવારની શૈક્ષણિક લાયકાત પર કટાક્ષ કરતા લોકોએ લખ્યું કે, ધોરણ 10માં 7માંથી 6 વિષયમાં નાપાસ અને માત્ર પીટીમાં આચાર્યના ગુણથી પાસ થયા છે. ઉમેદવારોના ફોર્મ ખેંચવાની પ્રક્રિયા પર પણ જનતા ભારે આક્રોશમાં છે; લોકો કહી રહ્યા છે કે આ પ્રકારની રાજનીતિ જોતા લાગે છે કે ગુજરાત હવે બિહાર તરફ જઈ રહ્યું છે. જનતાના મતે આવા નેતાઓ દેશ માટે નહીં પણ પોતાના પેટ માટે રાજકારણમાં આવે છે અને તેમને દેશહિત સાથે કોઈ લેવાદેવા નથી. સોશિયલ મીડિયા પર દાન માંગતા ઉમેદવારોની પણ લોકોએ ભારે ખિલ્લી ઉડાવી છે.

એક ઉમેદવારે જ્યારે આર્થિક મદદ માંગી ત્યારે લોકોએ તેમની ગળાની સોનાની ચેઈન વેચી દેવાની સલાહ આપી અને સોનાના વર્તમાન ભાવ 1,53,000 મુજબ અંદાજો પણ લગાવી દીધો કે 3 તોલાની ચેઈન વેચતા જ 4.50 લાખ રૂપિયા આવી જશે. લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે જે પક્ષ પાસે ઉમેદવારને લડાવવા માટે ફંડ નથી, તે જનતાના દેવા માફી કે મફત વીજળીના વચનો કેવી રીતે પૂરા કરશે? બીજી તરફ, ફોર્મ પરત ખેંચવાની ઘટનાઓ પર લોકો 'વાંદરા જેવી કૂદાકૂદ' અને 'વગર ચૂંટણીએ જીતવાની નવી રીત' જેવા કટાક્ષ કરી રહ્યા છે. હદ તો ત્યાં થઈ કે એક કિસ્સામાં ફોર્મ ન ખેંચનાર ઉમેદવારને જૂની પ્રેમિકા પાસે પોલીસ ફરિયાદ કરાવી ફસાવવાની વાત પણ સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહી છે. આમ, જનતા હવે જાગૃત બનીને કોઈ પણ મર્યાદા વગર નેતાઓની કામગીરી અને વચનોનો જાહેરમાં હિસાબ માંગી રહી છે.

વરાછાની પ્રભુ દર્શન સોસાયટીના પ્રમુખે ભાજપ માટે મત માંગનાર કાર્યકર્તાને ખખડાવ્યા

કાર્યકરે સારી લીડથી જીતાડવા કહ્યું, તો સોસા. પ્રમુખે કહ્યું, નથી જીતાડવાના

સોસા.ના પ્રમુખનો આક્રોશ હતો કે, સોસા.માં રિઝર્વેશનના મુદ્દે અનેક વખત રજૂઆત કરાઈ પરંતુ ઉકેલ આવ્યો નથી

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચાર વચ્ચે ભાજપ માટે મુશ્કેલીઓ વધી રહી છે. તાજેતરમાં ભાજપના કાર્યાલય પરથી એક કાર્યકર્તાએ વરાછાની પ્રભુ દર્શન સોસાયટીના પ્રમુખને ફોન કરી ભાજપને સારી લીડથી જીતાડવાની અપીલ કરી હતી, પરંતુ સોસાયટી પ્રમુખે રોકડું સંભળાવી દીધું હતું કે ''નથી જીતાડવાના''.

જ્યારે કાર્યકર્તાએ આનું કારણ પૂછ્યું, ત્યારે પ્રમુખે સીધો પ્રહાર કરતા જણાવ્યું કે સોસાયટીમાં રિઝર્વેશનના મુદ્દે પ્રફુલ પાનશેરીયાને 41 જેટલા પત્રો લખવામાં આવ્યા અને સુરત મનપામાં પણ 27 પત્રો પાઠવ્યા હોવા છતાં કોઈ જ ઉકેલ આવ્યો નથી. જો કતારગામ ટી.પી. 48, 49 અને 50 ના રિઝર્વેશનના મુદ્દા વિધાનસભા સુધી જઈ શકતા હોય, તો અમારી સોસાયટીનો પ્રશ્ન કેમ વણઉકેલ્યો છે? પ્રફુલભાઈ એવો જવાબ આપે છે કે ''એ તો કપાશે જ'', પરંતુ જ્યારે 31-32 મકાનોનો અને લોકોના આશરાનો સવાલ હોય ત્યારે આવી બેદરકારી જોઈને મગજ ફાટી જાય છે.

વોર્ડ નંબર 28 (પાંડેસરા-ભેસ્તાન)

SIRમાં 40 હજાર મતો ઘટતાં આ વોર્ડનું પરિણામ કળવું મુશ્કેલ

સુરતના દક્ષિણ ઝોનમાં આવતો આ વોર્ડ ઔદ્યોગિક દૃષ્ટિએ અત્યંત મહત્વનો છે. આ વોર્ડમાં પાંડેસરા અને ભેસ્તાન જેવા મોટા શ્રમિક વિસ્તારોનો સમાવેશ થાય છે. અહીંની વસ્તીમાં મુખ્યત્વે જીઆઈડીસીમાં કામ કરતા કામદારો અને શ્રમજીવી પરિવારોનો સમાવેશ થાય છે. અગાઉ અહી કુલ 1,06,147 મતદારો અને 99 બુથો હતા જોકે એસઆરઆઈ બાદ અહી 40 હજારે જેટલા મતદારો કમી થતા કઈ પાર્ટીને લાભ રહે છે તે જોવુ રહયુ. નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 67,751 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 70 છે. વર્ષ 2021 માં અહીથી ભાજપના શરદ પાટીલ, વિનોદ પટેલ, રાજકવર રાઠોડ અને પૂર્ણિમાબેન દાવલે વિજેતા બન્યા હતા. જયારે બીજા નંબરે અહી કોંગ્રેસ રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 66,930 મતો મળ્યા હતા. જયારે કોંગ્રેસને 47,981 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 18,949 મતોનું અંતર હતું. જોકે, આ વખતે એસઆઈઆરમાં કપાયેલા મતોને કારણે હવે પરિણામમાં ફેરફાર થાય છે કે પછી અગાઉ મુજબ જ પરિણામ આવે છે તે જોવું રહ્યું!

જાતિગત સમીકરણ

- પરપ્રાંતીય મતદારોનું વર્ચસ્વઃ પાંડેસરા અને ભેસ્તાન વિસ્તારમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને મહારાષ્ટ્રના શ્રમિકોની વસ્તી ખૂબ મોટી છે. આ મતદારો કોઈપણ પક્ષની જીત કે હાર નક્કી કરવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. ખાસ કરીને મરાઠી અને હિન્દી ભાષી મતો અહીં નિર્ણાયક સાબિત થાય છે.
- શ્રમિક અને મધ્યમ વર્ગઃ અહીં વસતા લોકો મોટે ભાગે ટેક્સટાઈલ અને ડાઈંગ-પ્રિન્ટિંગ મિલોમાં કામ કરતા શ્રમજીવીઓ છે. આ જાગૃત મતદારો પાયાની સુવિધાઓ અને સસ્તા પરિવહન જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપે છે.
- લઘુમતી અને દલિત મતોઃ ભેસ્તાન આવાસ અને આસપાસના ચોક્કસ વિસ્તારોમાં લઘુમતી તેમજ અનુસૂચિત જાતિના મતદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે, જેમના મતો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે વહેંચાતા રહે છે.

રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 36,374
સ્ત્રી મતદારોઃ 31,373
કુલ મતદારોઃ 67,751

વોર્ડ નંબર 28 રાજકીય રીતે ભાજપ માટે અનુકૂળ રહ્યો છે, પરંતુ સ્થાનિક સમસ્યાઓ અહીં હંમેશા ચર્ચામાં રહે છે. પાંડેસરા વિસ્તારમાં પ્રદૂષણ અને ખાડીની દુર્ગંધ સૌથી મોટો પ્રશ્ન છે. ઉદ્યોગોના કારણે હવામાં પ્રદૂષણ અને કેમિકલયુક્ત પાણીના નિકાલની સમસ્યાથી રહીશો પરેશાન રહે છે. આ ઉપરાંત, ભેસ્તાન અને પાંડેસરાના આવાસના મકાનોની જર્જરિત હાલત, ડ્રેનેજ લાઇનો ઉભરાવી અને સાંકડા ગલી-રસ્તાઓ પર ટ્રાફિકની સમસ્યા અહીંના મુખ્ય પડકારો છે. ચોમાસામાં નીચાણવાળા વિસ્તારોમાં ભરાતા પાણીને કારણે જનતામાં ઘણીવાર રોષ જોવા મળે છે.

ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડમાં પાંડેસરા જીઆઈડીસી, ભેસ્તાન ગામ, ભેસ્તાન આવાસ, તેરેનામ સોસાયટી, બમરોલી રોડનો કેટલોક ભાગ અને ઉધના-મગદલ્લા રોડને અડીને આવેલા શ્રમિક વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વોર્ડની સીમાઓ એક તરફ સચિન અને બીજી તરફ ઉધના તેમજ અલથાણ વિસ્તારને સ્પર્શે છે. ઔદ્યોગિક ગતિવિધિઓનું કેન્દ્ર હોવાથી અહીં રાત-દિવસ વાહનોની અવરજવર વધુ રહે છે.